પીએમ-સ્વનિધિ યોજનાના શ્રેષ્ઠ અમલીકરણમાં ગુજરાત ત્રીજા ક્રમે

ગાંધીનગર ખાતે અમલીકરણ અંગે સમીક્ષા બેઠક યોજાઇ : દેશભરમાં શહેરી ગરીબોને આજીવિકા પૂરી પાડતી આ યોજનાને આશિર્વાદરૂપ ગણાવતા કેન્?દ્રીય રાજ્ય નાણાં મંત્રી ભાગવત કરાડ : રાજ્યમાં ત્રણ તબક્કામાં ૪,૧૨,૩૫૮ ફેરીયાઓની લોન મંજુર તે પૈકી ૩,૯૯,૭૩૬ ફેરીયાઓને લોન ચૂકવાઇ

ગાંધીનગર, તા.૭

કોવિડ-૧૯થી અસરગ્રસ્ત શેરી ફેરીયાઓને તેમની આજીવિકા માટે વ્યવસાય શરૂ કરી શકે તે આશયથી વડાપ્રધાન નરેન્?દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ 'પી.એમ. સ્ટ્રીટ વેન્?ડર્સ આત્મ નિર્ભર નિધિ (PM-SVAnidhi) યોજના' શહેરી ગરીબો માટે આશિર્વાદરૂપ પૂરવાર થઈ રહી છે, તેમ કેન્?દ્રીય રાજ્ય નાણા મંત્રી ભાગવત કરાડે જણાવ્યું હતું.

તાજેતરમાં જ ગાંધીનગર ખાતે કેન્?દ્રીય નાણા મંત્રી કરાડના અધ્યક્ષ સ્થાને ગુજરાત સહિત મહારાષ્ટ્ર, ગોવા, દમણ-દીવ તથા દાદરા નગર હવેલીના ઉચ્ચ અધિકારીઓ સાથે પીએમ-સ્વનિધિ યોજનાની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગરીબમાં ગરીબ નાગરિકોની આજીવિકામાં મદદરૂપ થવા કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના શરૂ કરાઈ છે. કેન્?દ્ર સરકારના આવાસ અને શહેરી મંત્રાલય દ્વારા COVID – 19 થી અસરગ્રસ્ત શેરી ફેરીયાઓ તેમની આજીવિકા માટે વ્યવસાય શરૂ કરી શકે તે હેતુથી શેરી ફેરીયાઓને વર્કીંગ કેપીટલ લોન અપાવવા ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના પીએમ-સ્વનિધિ, જૂન-૨૦૨૦થી શરૂ કરવામાં આવી હતી.

તેમણે ઉમેર્યું કે, આ યોજના હેઠળ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં લોન લેવા ઈચ્છુક શેરી ફેરીયાઓએ ઓન-લાઈન અરજી કરવાની હોય છે. આ યોજના હેઠળ શેરી ફેરીયાઓને રૂ.૧૦,૦૦૦/- સુધીની વર્કીંગ કેપીટલ લોન મળવા પાત્ર છે, જેમાં કોઈપણ પ્રકારની સિક્યુરિટી આપવાની રહેતી નથી. લોનની ભરપાઈ માસીક હપ્તાથી એક વર્ષ સુધીમાં કરવાની રહે છે. જે પૂર્ણ થયેથી દ્વિતીય લોન રૂ.૨૦,૦૦૦/- અને ત્યારબાદ તૃતીય લોન રૂ.૫૦,૦૦૦/-ની મળવાપાત્ર છે. સમયસર કે વહેલા લોનની ભરપાઈ પર વાર્ષિક ૭ ટકા વ્યાજ સહાય લાભાર્થીના બેંક ખાતામાં DBT મારફતે ત્રિમાસિક જમા કરવામાં આવે છે. આ યોજનાની ધિરાણ બેંકો દ્વારા કરવામાં આવે છે. શેરી ફેરીયાઓ દ્વારા કરવામાં આવતા ડીજીટલ ટ્રાન્જેકશનને પ્રોત્સાહન આપવા આ યોજનામાં ફેરીયાઓને માસિક કેશબેક પ્રોત્સાહક સ્વરૂપે આપવામાં આવે છે. જેમાં દર માસે કુલ મહત્તમ ૧૦૦ ડીજીટલ ટ્રાન્જેક્શન પર મહત્તમ રૂ.૧૦૦/- કેશબેક મળે છે. જે મુજબ વાર્ષિક મહત્તમ રૂ. ૧,૨૦૦/- કેશબેક મળવાપાત્ર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ-સ્વનિધિ યોજના અંતર્ગત તા. ૦૨/૦૮/૨૦૨૩ની સ્થિતિએ સમગ્ર ભારતમાં અત્યાર સુધીમાં કુલ ૪૧,૦૯,૩૬૦ શેરી ફેરીયાઓની પ્રથમ લોન મંજૂર થઇ છે. જેમાંથી કુલ ૩૯,૧૩,૮૦૬ શેરી ફેરીયાઓને લોનની ચૂકવણી કરવામાં આવી છે. જે અન્વયે ગુજરાતમાં કુલ ૩,૧૪,૩૪૬ શેરી ફેરીયાઓની પ્રથમ લોન મંજૂર થયેલ છે જેમાંથી કુલ ૩,૦૫,૦૩૩ શેરી ફેરીયાઓને લોન ચૂકવવામાં આવેલ છે. રાજ્યમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય લોન મળી કુલ ૪,૧૨,૩૫૮ ફેરીયાઓની લોન મંજૂર કરાઈ છે. જેમાંથી કુલ ૩,૯૯,૭૩૬ શેરી ફેરીયાઓને લોનની ચૂકવણી કરી દેવાઈ છે. ડીઝીટલ ટ્રાન્જેક્શનને પ્રોત્સાહન આપવા પીએમ-સ્વનિધિ યોજના અંતર્ગત શેરી ફેરીયાઓને માસિક મહત્તમ રૂ. ૧૦૦/- લેખે વાર્ષિક મહત્તમ રૂ.૧,૨૦૦/- કેશબેક મળવાપાત્ર થાય છે. જે અંતર્ગત રાજ્યમાં ૧,૫૦,૭૭૦ શેરી ફેરીયાઓ દ્વારા ડીઝીટલ ટ્રાન્જેક્શન કરી રૂ. ૩.૦૩/- કરોડ કેશબેક મેળવેલ છે. પીએમ-સ્વનિધિ યોજનાનાં લાભાર્થીઓ અને તેમના પરિવારને સરકારની અન્ય આઠ યોજનાઓ સાથે જોડી તેનો લાભ આપી શકાય તે હેતુથી "સ્વનિધિ સે સમૃધ્ધિ" કાર્યક્રમ અમલી બનાવાયો છે.

ભારત સરકાર દ્વારા પીએમ-સ્વનિધિ યોજના અંતર્ગત રાજ્યોને આપવામાં આવતા ક્રમાંકમાં ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ કામગીરી સાથે ત્રીજા સ્થાન ઉપર છે.

આ બેઠકમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, કેન્દ્ર શાસિત પ્રદેશના સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ તમામ મહાનગરપાલિકાઓના કમિશનરીઓ, સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટી (SLBC)ના ચેરમેનો તથા અગ્રણી બેન્?કના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કલા ઉત્સવ ૨૦૨૩માં લીંબોદરા હાઈસ્કૂલનો શ્રેષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સરકારશ્રીના રમતગમત અને યુવક સેવા તથા સાંસ્કૃતિક વિભાગ દ્વારા યોજાયેલ કલા ઉત્સવ-૨૦૨૩માં જામળા ક્યુ.ડી.સી.માં લીંબોદરાની શ્રી પી.પી.આર. શાહ હાઈસ્કૂલના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉચ્ચ. માધ્ય. વિભાગમાં બાળકવિ, ચિત્ર, સંગીત ગાયન અને સંગીત વાદન સ્પર્ધામાં અનુક્રમે વાઘેલા પ્રિયા, વાઘેલા હનિષા, વાઘેલા તુલસી અને મક્કા રાજ પ્રથમ નંબર મેળવીને તથા માધ્ય. વિભાગમાં બાળકવિ, સંગીત ગાયન અને સંગીત વાદન સ્પર્ધામાં વાઘેલા અવની, રાવળય હેપ્પી અને વાઘેલા યશરાજે પ્રથમ નંબર મેળવીને શાળાનું અને ગામનું ગૌરવ વધારેલ છે.

જે બદલ તમામ વિજેતા સ્પર્ધકોને શાળા પરિવાર વતીથી આચાર્ય તેજસિંહ પી. પરમારે અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

આજે સાયન્સ સિટી ખાતે યોજાશે 'કનેક્ટ વિથ ગુગલ'

આ કાર્યક્રમમાં અંદાજે ૫૦૦ જેટલા એપ ડેવલપર્સ સહભાગી થશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે તા. ૮ ઓગસ્ટના રોજ સવારે ૧૦.૩૦ કલાકે વિજ્ઞાન ભવનમાં 'કનેક્ટ વિથ ગુગલ' નામના કાર્યક્રમનું આયોજન થવા જઈ રહ્યું છે. ગુજરાતના એપ ડેવલપર્સને પ્રોત્સાહિત કરવા માટે અને કૌશલ્ય નિર્માણના હેતુથી ગુજરાત સરકારના સહયોગથી ગુગલ દ્વારા ૮ ઓગસ્ટના રોજ ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત ગુજરાતના એપ ડેવલપર્સને બિઝનેસ સફળ બનાવવામાં મદદ મળી રહે તે હેતુથી ઈન્ટરેક્ટિવ સ્કિલ બિલ્ડિંગ કાર્યક્રમ યોજાશે. જેમાં ૫૦૦ જેટલા એપ ડેવલપર્સ હાજર રહે તેવી આશા છે.

આ કાર્યક્રમમાં એક સફળ એપ બિઝનેસનું કઈ રીતે નિર્માણ કરવું તે અંગેના મુખ્ય પાસાઓ અંગે એપ ડેવલપર્સને શિક્ષણ અને તાલીમ આપવામાં આવશે.

એપ ડેવલપર્સને કઈ રીતે હાઈ ક્વોલિટીની એપ બનાવવી અને તેને ગુગલ પ્લે સ્ટોર પર લોન્ચ કરવી તદુપરાંત એપ્લિકેશનના યુઝર કઈ રીતે વધારવા તે અંગે તેમજ મોનેટાઈઝની નીતિઓ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં ગૂગલના નિષ્ણાતો, પ્રખ્યાત એપ્લિકેશનના નિર્માતાઓ તેમજ એપ -બિઝનેસ સાથે સંકળાયેલા નિષ્ણાતો સહભાગીઓને આ અંગે શિક્ષણ અને તાલીમ આપશે. ઉલ્લેખનીય છે કે 'કનેક્ટ વિથ ગુગલ' શ્રેણીનો આ બીજો કાર્યક્રમ છે.

આ પહેલાં ગત માર્ચ મહિનામાં પ્રથમ કાર્યક્રમનું સુરતમાં આયોજન કરવામાં આવ્યું હતું.

એસ.વી. શાળામાં ઉજવાયો 'ફ્રેન્ડશિપ ડે'

ગાંધીનગર, તા. ૭

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં 'ફ્રેન્ડશિપ ડે' ઉજવવામાં આવ્યો હતો. શાળાના નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે.જી.ના બાળકો અવનવા ફ્રેન્ડશિપ બેલ્ટ લઈને શાળાએ આવ્યા હતા. જે તેઓએ પોતાના ક્લાસના મિત્રોને બાંધ્યા હતા.

શિક્ષિકાઓએ શાળાને વિવિધ રીતે શણગારી હતી અને બાળકોને કૃષ્ણ ભગવાન અને સુદામાની મિત્રતાની વાતો કહી, આપણા જીવનમાં મિત્રતાનું મહત્વ સમજાવ્યું હતું.

અંતમાં બાળકોએ મિત્રતા આધારિત વિવિધ ગીતો ઉપર મસ્તીભર્યા ડાન્સ કરી, સાથે-સાથે હર્ષની ચિચિયારીઓથી શાળાના વાતાવરણને આનંદ અને મસ્તીથી છલકાવી દીધું હતું.

જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં તા. ૪-૮-૨૦૨૩ને શુક્રવારના રોજ ધોરણ-૬ના કુલ ૨૪૬ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષક મિત્રોએ સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત સ્કૂલ બસ દ્વારા લેવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને ગાંધીજીનું નિવાસસ્થાન હૃદયકુંજ, મગનભાઈ નિવાસ, ગાંધીજીના સ્મૃતિ ચિહ્નો તથા પત્રોનું સંગ્રહાલય તથા પુસ્તક સંગ્રહાલયની મુલાકાત લઈ વિવિધ જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતુ. તથા ત્યાંના પ્રમુખ બહેને ગાંધીજીની જીવનકથા વિગતે સમજાવી અંતે રઘુપતિ રાઘવ રાજા રામ... પ્રાર્થના સાથે વિદ્યાર્થીઓને મુલાકાત દરમિયાન સત્ય બોલવાના સંકલ્પ લેવડાવ્યા હતા. બાળકોને આ મુલાકાતમાં ખુબજ આનંદ આવ્યો.

અશ્વિનભાઈ પાઠકજીના સ્વરે મંગળવારે સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૭

ભાવસાર સમાજ ગાંધીનગરના અગ્રણી અને સે. ૨૩ના વેપારી સદગત કિરીટભાઈ ભાવસાર (પેથાપુરવાળા)ના સમસ્ત પરિવાર દ્વારા તા. ૮ ઓગષ્ટ, ૨૦૨૩, મંગળવારે રાત્રે ૮.૩૦ કલાકે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સે. ૧૨ ખાતે અશ્વિનકુમાર પાઠકજીના સ્વરે સુંદરકાંડના પાઠ યોજાનાર છે. ભાવિકોને લાભ લેવા ભાવસાર પરિવાર તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મહિલાઓએ સીબીસી ટેસ્ટ કરાવવો જરૂરી

સંપૂર્ણ રક્ત ગણતરી પરીક્ષણનો ઉપયોગ તંદુરસ્ત જીવન માટે જરૂરી

વડાપ્રધાનની રક્ત પરિક્ષણ કરાવવાની અપીલના પગલે સાંસદ અમીતભાઈ શાહ અને ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા અનુરોધ

ગૃહમંત્રીશ્રી અમીતભાઈ શાહ, ભારત સરકાર પોતાના સંસદીય વિસ્તાર ગાંધીનગર શહેર જિલ્લા ખાતે ૧૮ વર્ષથી ૬૦ વર્ષ સુધીની બહેનોના સીબીસી ટેસ્ટ નિઃશુલ્ક કરવાની સુચના છે. આ અભિયાનનો ખર્ચ અને આયોજન અમદાવાદ ડીસ્ટ્રીક્ટ બેંક અને રેડક્રોસ સોસાયટી દ્વારા થઈ રહ્યો છે. ત્યારે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા પણ આ પ્રયાસને પ્રોત્સાહન આપવા જિલ્લાની મહિલાઓને અપીલ કરી છે. ત્યારે આવો જાણીએ સીબીસી ટેસ્ટ શુ છે ? સ્વાસ્થ્યની સંભાળ રાખવા શરીરને રોગ, ચોક્કસ વિકૃતિઓ અને ચેપથી બચાવવા માટે સંપૂર્ણ રક્ત ગણતરી પરીક્ષણનો ઉપયોગ કરશે. નિયમિત સીબીસી પરીક્ષણો માટે લોહીનો નમૂનો તંદુરસ્ત જીવન અને જો જરૂરી હોય તો સમયસર સારવારનું સંચાલન કરવામાં મદદ કરી શકે છે. સીબીસી શ્વેત રક્ત કોશિકાઓ, લાલ રક્ત કોશિકાઓ અને પ્લેટલેટ્સની સંખ્યા, હિમોગ્લોબિનની સાંદ્રતા અને હિમેટોક્રિટ (લાલ રક્ત કોશિકાઓની માત્રાની ટકાવારી) સૂચવે છે. એનિમિયા થ્રીમ્બોસાયટીપેનિયા જેવી સ્થિતિ સીબીસી પરિણામો દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

સીબીસી સ્વચાલિત હેમેટોલોજી વિશ્લેષણ કરવામાં આવે છે, જે કોષોની ગણતરી કરે, તેના કદ અને બંધારણની માહિતી એકત્રિત કરે છે. હિમોગ્લોબિનની સાંદ્રતા માપવા અને લાલ રક્ત કોશિકા સૂચકાંકોની ગણતરી લાલ રક્ત કોશિકાઓ અને હિમોગ્લોબિનના માપથી કરવામાં આવે છે. સંપૂર્ણ રક્તની ગણતરી હિમેટોલોજીનું સાધન રક્ત સંબંધિત રોગોના કારણો, સાવધાની, સારવાર અને નિવારણનો અભ્યાસ છે. સીબીસી અને સ્મીયર પરીક્ષાના પરિણામો હિમેટોપીએટીક અસ્થિ મજ્જા, રક્ત કોશિકા ઉત્પાદન વિકાસમાં સામેલ અંગો અને પેશીઓની સ્થિતિ દર્શાવે છે. ક્લોઝાપીન અને કાર્બામાઝેપિન જેવી કેટલીક માનસિક દવાઓ લેતા લોકો માટે નિયમિત સીબીસી જરૂરી છે. જે ભાગ્યે જ કિસ્સાઓમાં શ્વેત રક્તકણોની સંખ્યામાં જીવલેણ ઘટાડો લાવી શકે છે. સગર્ભાવસ્થા દરમિયાન એનિમિયા માતા અને તેના બાળક માટે નબળા પરિણામોમાં પરિણમી શકે છે. સંપૂર્ણ રક્ત ગણતરી એ પ્રિનેટલ કેરનો નિયમિત ભાગ છે અને નવજાત શિશુઓમાં કમળાની તપાસ કરવા અથવા શ્વેત રક્તકણોના તફાવતમાં અપરિપક્વ કોષોની સંખ્યા ગણવા માટે સીબીસીની જરૂર પડી શકે છે, જે સેપ્સિસનું સૂચક હોઈ શકે છે. સીબીસી પરિણામોની તપાસ દ્વારા પોષણની ઉણપ, અસ્થિ મજ્જાની વિકૃતિઓ, હસ્તગત હેમોલિટીક એનિમિયા અને વારસાગત સ્થિતિ જેમ કે સિકલ સેલ એનિમિયા અને થેલેસેમિયા વિશે જાણકારી મળી શકે છે. સંપૂર્ણ રક્ત ગણતરીના ૯૫ ટકા પરિણામો સ્વસ્થ લોકોની શ્રેણી દર્શાવે છે. ડૉક્ટર વાર્ષિક બોડી ચેક-અપમાં નિયમિત ટેસ્ટ તરીકે સીબીસી ટેસ્ટની પણ ભલામણ કરે છે. સલામત અને સામાન્ય રક્ત પરીક્ષણ છે, કોઈપણ સ્વાસ્થ્ય જોખમો નથી. ઘટકો અને પરિણામ અર્થઘટન : ટેસ્ટના ૩ મુખ્ય ઘટકો છે જેમાં અન્ય પેટા ઘટકોનો સમાવેશ થાય છે. શ્વેત રક્તકણો (WBC) : સફેદ રક્ત કોશિકાઓ અસ્થિમજ્જામાં ઉત્પાદિત થાય છે. રોગપ્રતિકારક તંત્રનો ભાગ છે. વિવિધ પ્રકારના શ્વેત રક્ત કોશિકાઓના તફાવતના પરિણામો વાયરલ, બેક્ટેરિયલ ચેપ અને લ્યુકેમિયા જેવા રક્ત વિકૃતિઓનું નિદાન કરવામાં મદદ કરે છે. ચેપ સામે લડે છે.

સીબીસી નિઃશુલ્ક ટેસ્ટ કેમ્પ યોજવા સંપર્ક કરો

ગાંધીનગરમાં ૧૮ વર્ષથી ઉપરની મહિલાઓ સંપૂર્ણ નિઃશુલ્ક સીબીસી ટેસ્ટ કરાવી શકે તે માટે મહાનગરપાલિકાથી માંડીને કોર્પોરેટરો, સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, મહિલા મંડળો, એનજીઓ, કંપની સીએસઆર તથા ધાર્મિક સંગઠનોએ આગળ આવીને કેમ્પ યોજવા જોઈએ તેવુ જણાવતા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખાના ચેરમેન જીલુભા ધાંધલે કહ્યું હતું કે 'જે પણ સંસ્થા કે અગ્રણી કેમ્પ યોજશે તેમાં રેડક્રોસના નિષ્ણાંતો ટેસ્ટિંગની વિનામૂલ્યે સુવિધા પુરી પાડશે. માટે વધુમાં વધુ કેમ્પ યોજાય તે જરૂરી છે.' કેમ્પના આયોજન માટે જીલુભા ધાંધલના ૯૮૨૪૦૨૯૯૦૨ મોબાઈલ નંબર પર સંપર્ક સાધવા જણાવ્યું છે.

ફેર પ્રાઈસ શોપ ઓનર્સ તેમની માંગો પુરી નહી થાય તો અનાજ વિતરણથી અળગા રહેશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત ફેરપ્રાઈઝ શોપ એન્ડ કેરોશીન લાઈસન્સ હોલ્ડર એસો. તથા ઓલ ગુજરાત ફેરપ્રાઈઝ શોપ એસોના પ્રમુખ પ્રહલાદભાઈ ડી. મોદી અને ગોહિલ મહિપતસિંહની અધ્યક્ષતામાં તા. ૧-૮-૨૦૨૩ના રોજ અમદાવાદ ખાતે સાધારણ સભા યોજાઈ હતી તે સાધારણ સભામાં ગુજરાત રાજ્યના એફ.પી.એસ.એસો.ના તમામ જિલ્લા પ્રમુખ તથા તમામ તાલુકા પ્રમુખ અને સક્રિય દુકાનદારો હાજર રહ્યાં હતા.

આ સાધારણ સભામાં રેશન ડિલરોના પડતર પ્રશ્નોની ચર્ચા કરી હતી. સરકારને આવેદન પત્રો તથા મૌખિક તથા લેખિક રજુઆત કરવા છતા પડતર પ્રશ્નોનું નિરાકરણ આવેલ નથી અને પુરવઠામંત્રીના અધ્યક્ષપદે બન્ને એસો.ની મિટીંગમાં સરકાર દ્વારા દુકાનદારોને પોષણશ્રમ વળતર માટે ૨૦૦૦૦ ગેરેંટેડ કમિશન અને ૧ ટકો વિતરણ ઘટ માટે લેખિતમાં બાહેધરી આપેલ છતા આજદિન સુધી ઉકેલ મળ્યો નથી તેમજ ગોડાઉનથી દુકાનદારોને ફાળવવામાં આવતા જથ્થામાંથી નિગમના કર્મચારીઓ દ્વારા જે જથ્થો ચોરી લેવામાં આવે છે તે એસો.ની હલ્લાબોલ કમિટી દ્વારા અધિકારીઓને સાથે રાખી તેમની ગુનાહિત પ્રવૃત્તિને પકડી પાડવામાં આવેલ તેમ છતા આજ સુધી ગુનેગારોને કોઈપણ પ્રકારની સજા કરવામાં આવી નથી. હલ્લાબોલ કમિટીના આ કામગીરીને ગેરલાયક ઠેરવી અન્ય પરિપત્રતો દ્વારા તેમનો બચાવ અને દુકાનદારોને ભીંસમાં લેવાનો પ્રયાસ કર્યો છે ત્યારે બન્ને એસો. અને રાજ્યના તમામ આગેવાનો દ્વારા આ સાધારણ સભામાં દુકાનદારની માગણી સ્વીકારવામાં નહી આવે તો આવતા માસથી એટલે કે તા. ૧-૯-૨૦૨૩થી રેશનિંગ દુકાનદારો અનાજનો જથ્થો નહી ઉપાડે અને વિતરણથી અળગા રહેશે.

આમ ત્યાહારોમાં રેશનિંગ કાર્ડધારકો જથ્થાથી વંચિત રહેશે તેમ જણાવી આવેદન પત્ર આપશે. આ હડતાલમાં ગાંધીનગર જિલ્લાના તમામ ૩૬૦ દુકાનદારો જોડાશે. આ હડતાલથી ૧૬૮૨૮૧ કુટુંબો ત્યોહારના સમયે અનાજના જથ્થાથી વંચિત રહેશે તેની સઘળી જવાબદારી સરકારની રહેશે તેવું અખબારી યાદીમાં જણાવ્યું છે.

કયા અને કેટલા પરિવારો વંચિત રહી શકે ?

	એન.એફ.એસ.એ	
	રેશન કાર્ડ	જન સંખ્યા
ગાંધીનગર ઝોનલ	૧૬૮૭૫	૮૦૦૩૮
ગાંધીનગર ગ્રામ્ય	૩૩૦૦૬	૧૬૩૫૯૧
કલોલ તાલુકો	૩૮૮૩૮	૧૮૩૦૫૭
દહેગામ તાલુકો	૩૭૯૭૪	૧૯૯૮૦૨
માણસા તાલુકો	૪૩૫૮૮	૨૦૨૧૪૮
કુલ	૧૬૮૨૮૧	૮૨૮૬૩૬

રોગ પ્રતિકારક રસી બાળકોને ગંભીર રોગો સામે સુરક્ષા આપે છે, માટે રસીકરણ અચૂકપણે કરાવો : આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ

ગાંધીનગર, તા. ૭

રાજ્ય વ્યાપી મિશન ઈન્દ્રધનુષ ૫.૦ નો શુભારંભ આજરોજ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તેથી સેકટર- ૨૪ અર્બન હેલ્થ સેન્ટર, ગાંધીનગર ખાતેથી કરવામાં આવ્યો હતો. મિશન ઈન્દ્રધનુષના પાંચ તબક્કામાં ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં રસીથી વંચિત રહી ગયેલા ૩૦૦ બાળકો અને ૫૦ સગર્ભા બહેનોનું રસીકરણ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં ૬૪૨ બાળકો અને ૬૯ સગર્ભા બહેનોનું રસીકરણ કરવામાં આવશે. મિશન ઈન્દ્રધનુષ ૫.૦ નો શુભારંભ કરાવતાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે રાજયની તમામ સર્ગભા બહેનો અને ૦ થી ૫ વર્ષના બાળકોના વાલીઓને આ રસીકરણ અભિયાનનો વધુમાં વધુ લાભ લેવા માટે અનુરોધ કર્યો છે. આ રોગ પ્રતિરોધક રસી ગંભીર રોગો સામે સુરક્ષા આપતી હોવાથી આ રસી અચૂકપણે લેવા પણ અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, આ રસીકરણ અભિયાન હેઠળ રાજયમાં ૦ થી ૫ વર્ષ સુધીની વયના અંદાજીત ૫૦,૯૦૦ બાળકો અને ૭,૨૭૮ સગર્ભા બહેનોનું રસીકરણ કરવામાં આવશે.